GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST. – VALSAD (GUJARAT)

# NEWSLETTER

JAN - JUNE, 2020 Number 17



*My life is My Message*

**PATRON**
Dr R. A. Khimani

**Chief Editor**
Dr R. F. Thakor
Senior Scientist & Head

**Editorial Team**
Shri K. A. Patel
Shri A. R. Patel
Shri L. T .Kapur
Shri M. M. Gajjar

**Support**
Dr B. M. Patel
Shri P. J. Joshi
Smt P. R. Ahir
Smt P. B. Ratiya
Shri P. R. Patel

*Half Yearly Newsletter Published by*

Gujarat Vidyapith
KRISHI VIGYAN KENDRA
AMBHETI –396 191
Dist. Valsad (Gujarat)
E-mail : kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

## Biotech - Kisan Hub Project

The "Biotech - Kisan Hub" project has been launched at Ambach village of Pardi taluka, jointly by Krishi Vigyan Kendra, Ambheti, Directorate of Medical and Aeromatic Plants Research (DMAPR), Boriavi (Anand) and Zandu Foundation for Health and Care (ZFHC), Ambach. The inauguration ceremony of this project was held on 29/02/2020 at Zandu Foundation for Health and Care, Ambach village of Pardi taluka. About 300 farmers participated in the event. Dr. Aslam (Senior Advisor, Department of Biotechnology, Government of India), Prof. S. S. Honda, Dr. J.M. Pathak and Dr. C. K. Katiyar (ZFHC), Dr. S. Roy and Dr P. Manivel (ICAR - DMAPR, Anand), etc. were present. An agricultural exhibition was also organised on this occasion. The project will promote the cultivation of medicinal crops like Kaucha, Gurmar, Ashwagandha and Brahmi in this area. The dignitaries also visited the demonstration plot (3 acres) of aswagandha on the farm of Mrs. Bharatiben Ganeshbhai Patel in Pandor village of Pardi taluka.





## બાયોટેક - કિસાન હબ પ્રોજેક્ટ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી, ડાયરેક્ટરેટ ઓફ મેડીશનલ એન્ડ એરોમેટીક પ્લાન્ટ્સ રીસર્ચ (DMAPR) બોરીયાવી(આણંદ) તથા ઝંડુ ફાઉન્ડેશન ફોર હેલ્થ એન્ડ કેર (ZFHC), અંબાચ ના સંયુક્ત ઉપક્રમે અંબાચ ખાતે "બાયોટેક - કિસાન હબ" પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનો ઉદ્ઘાટન સમારોહ તા. ૨૯/૦૨/૨૦૨૦ ના રોજ ઝંડુ ફાઉન્ડેશન ફોર હેલ્થ એન્ડ કેર, અંબાચ (તા. પારડી) ખાતે યોજવામાં આવેલ હતો. જેમાં અંદાજે ૩૦૦ જેટલા ખેડુતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ડૉ. અસ્લામ (સીનીયર એડવાઇઝર, બાયોટેક્નોલોજી વિભાગ, ભારત સરકાર), પ્રો. એસ. એસ. હોન્ડા, ડૉ. જે.એમ. પાઠક અને ડૉ. સી. કે. કટિયાર(ZFHC), ડૉ. એસ. રોય અને ડૉ. પી. માનીવેલ (ICAR – DMAPR, Anand), વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગને અનુરૂપ એક કૃષિ પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ. આ પ્રોજેક્ટ અંતર્ગત કૌચા, ગુરમર, અશ્વગંધા અને બ્રાહ્મી જેવા ઔષધીય પાકોનો તાલીમ, નિદર્શન તથા વિસ્તરણ પ્રવૃત્તિ દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવશે. મહાનુભાવો દ્વારા આ પ્રોજેક્ટ અંતર્ગત પંડોર ગામે શ્રીમતી ભારતીબેન ગણેશભાઇ પટેલ ના ખેતરે કેવિકે દ્વારા ગોઠવવામાં આવેલ અશ્વગંધા પાકના ત્રણ એકરના નિદર્શન પ્લોટની મુલાકત પણ લેવામાં આવી.

કિસાન કોલ સેન્ટર ૧૮૦૦૧૮૦૧૫૫૧

## Skill Development Training

### Quality Seed Grower

Quality seed production training of one month duration sponsored by Agriculture Skill Council of India was organized at KVK. Twenty farmers from Ambheti, Dhodkuwa, Pati, Panchlai, Nani Vahiyal and Arnala villages participated. The training gave a detailed understanding of the importance of seed, seed treatment and its usefulness, soil and water testing, liquid organic fertilizers and their use in different crops, nutrient, water and weed management, precautions and various methods of storing seeds for quality seed production in different crops. Exposure visit of NAU was also organized.

### Tractor Operator

Skill training of one month duration on tractor driving sponsored by Agriculture Skill Council of India was organized Twenty rural youth from different villages were participated. The participants were practically trained on tractor driving and different operation of farming. The trainees were also provided the licence from RTO with the effort of KVK.

### Mushroom Production

Two skill training programme of four day duration on mushroom cultivation was organized to provide self employment. About 47 participants from various district of Gujarat were practically trained on cultivation of oyster mushroom and they were provided the spawn (seed material) to start this activity.

### Preparation of Mask

To facilitate the self employment during the period of COVID 19, KVK trained twenty women of Hari Om SHG of Kapariya faliya of Ambheti village on preparation of three layer mask from Khadi. Under this abhiyan, more than 1500 mask were prepared and distributed to labours, rural poor tribal women and their children of different villages.













## કૌશલ્યવર્ધન તાલીમ

### ગુણવત્તા સભર બીજ ઉત્પાદન

ભારતીય કૃષિ કૌશલ્ય પરિષદના સહયોગથી ગુણવત્તા સભર બીજ ઉત્પાદન વિશે એક માસની તાલીમ ગોઠવવામાં આવી. જેમાં અંભેટી, ધોધડકુવા, પાટી, પંચલાઇ, નાની વહીયાળ અને અરનાલા ગામનાં ૨૦ ખેડુતોએ ભાગ લીધો. આ તાલીમ અંતર્ગત ખેડુતોને બીજનું મહત્વ, બીજ માવજત અને તેની ઉપયોગીતા, જમીન અને પાણીનું પૃથ્થકરણ અને મહત્વ, પ્રવાહી જૈવિક ખાતરો અને તેનો જુદા જુદા પાકોમાં ઉપયોગ, ખાતર-પાણી અને નિંદણ વ્યવસ્થાપન, જુદાજુદા પાકોમાં ગુણવત્તા સભર બીજ ઉત્પાદન કરવા માટે રાખવામાં આવતી સાવચેતી અને બીજ સંગ્રહ કરવાની જુદી જુદી પધ્ધતિઓ જેવા વિષયો ઉપર વિસ્તૃત સમજ આપવામાં આવી.

### ટ્રેક્ટર ડ્રાઇવીંગ

ભારતીય કૃષિ કૌશલ્ય પરિષદના સહયોગથી ટ્રેક્ટર ડ્રાઇવીંગ વિશે એક માસની તાલીમ ગોઠવવામાં આવી. જેમાં જુદા જુદા ગામનાં ૨૦ યુવાનોએ ભાગ લીધો. આ તાલીમ અંતર્ગત ખેડુતોને ટ્રેક્ટર ડ્રાઇવીંગ તથા ટ્રેક્ટર દ્વારા થતા ખેતીના વિવિધ કાર્યો વિશે પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી. તાલીમાર્થીઓને તાલીમ બાદ આર.ટી.ઓ. દ્વારા જરૂરી લાઇસન્સ અપાવવામાં પણ કેવીકેએ મુખ્ય ભૂમિકા ભજવી.

### મશરૂમ ઉત્પાદન

ખેડુતોને ઘરબેઠાં રોજગારી ઉપલબ્ધ કરાવવા ચાર દિવસીય બે મશરૂમ ઉત્પાદન તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ઓઇસ્ટર મશરૂમ વિશે સૈધ્ધાંતિક અને પ્રાયોગિક માહિતીનું માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં ગુજરાતના અલગ અલગ જિલ્લાનાં ૪૭ ખેડુતોએ ભાગ લીધો.

### ખાદીનાં માસ્ક બનાવટ અને વિતરણ

કેન્દ્ર દ્વારા સિવણકામની તાલીમ અને સિવણમશીન મેળવેલ સ્વસહાય જૂથની બહેનોને કોવીડ-૧૯ મહામારી દરમ્યાનના સમયમાં પણ રોજગારી મળી રહે તે માટે અંભેટી ગામના હરીઓમ સખી મંડળના ૨૦ બહેનોને માસ્ક બનાવવાની તાલીમ આપી ખાદીના કાપડના ત્રિસ્તરીય માસ્ક બનાવવા પ્રોત્સાહિત કર્યા. સંસ્થા દ્વારા ખાદીના કુલ ૧૫૦૦ જેટલા માસ્ક કેન્દ્રનાં મજુર વર્ગ, સેવકો તથા ગ્રામીણ મહિલાઓ અને બાળકોમાં વિતરણ કરવામાં આવ્યુ.

## Front Line Demonstrations

### Crop : Chickpea

Under National Food Security Mission (NFSM), Cluster Frontline Demonstrations on chickpea was conducted on 30 ha (75 farmers) in Dhodhadkuva, Pati, Nani Vahiyal and Sadadvera villages during Rabi 2020. Field day was organized at Sadad-vera village in which more than 100 farmers participated. The demo variety GJG.-3 gave 35.76 % higher yield.



### Crop : Indian bean

Front Line Demonstration on Indian bean was laid down at five villages under 10 ha (51 farmers) in Rabi season. The Field day was organized at Nandgam village in which 80 farmers were participated. The demonstrated *var*. Guj. Val. 2 gave 34.65 % higher yield.



### Crop : Greengram

Under National Food Security Mission (NFSM), FLD on GAM-5 variety of green-gram was conducted on 10 ha (90 farm-ers) in Lakhmapor, Dhadhadkuva, Pan-chalai, Asma and Nanivahiyal villages dur-ing summer-2020, The demonstrated *var.* GAM-5 gave 38.71 % higher yield.



### PKVY

Under Parmparagat Krishi Vikas Yojna, demonstrations on organic farming in paddy was conducted on 20 ha (100 farmers) in Asma, Panchlai, Rabdi and samarpada villages of Pardi block. The technology of improved var. Sardar, ver-mi compost, LBF, biopesticides, etc. are demonstrated.



## અગ્ર હરોળ નિદર્શનો

### ચણા પાક

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા યોજના અંતર્ગત ચણા પાકમાં નવી તાંત્રિકતાઓનાં પ્રચાર પ્રસાર માટે અને ખેડુતોનાં પ્રતિભાવો લેવા માટે ના હેતુથી ધરમપુર તાલુકાના સાદડવેરા ખાતે ક્ષેત્ર દિવસ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યુ. આ ક્ષેત્ર દિવસ ઉજવણીના કાર્યક્રમમાં સાદડવેરા, સામરસીંગી અને પંગારબારી ગામનાં ૧૦૦ જેટલા ખેડુત સહયોગીઓએ ભાગ લીધો.

### વાલ પાક

વાલ પાકમાં સુધારેલ જાત ગુજ. વાલ-૨ ના નિદર્શનો ખેડુતોના ખેતરે ગોઠવવામાં આવેલ. ખેડુતો નવી તાંત્રિકતાઓને પ્રત્યક્ષ જોઇ અને અપનાવતા થાય તે હેતુથી કપરાડા તાલુકાના નાંદગામ ખાતે ક્ષેત્ર દિવસ ઉજવણીના કાર્યક્રમમાં ૮૦ જેટલા ખેડુત સહયોગીઓએ ભાગ લીધો

### મગ પાક

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા યોજના અંતર્ગત કઠોળ પાકોનું ઉત્પાદન વધારવાના હેતુથી ૧૦ હેક્ટર વિસ્તારમાં ૯૦ જેટલા ખેડુતોના ખેતરે ઉનાળુ મગની નવી સુધારેલી ગુજ.આણંદ મગ.- ૫ જાતના અગ્ર હરોળ નિદર્શનો ગોઠવવામાં આવ્યા.

### પરંપરાગત કૃષિ વિકાસ યોજના

પરંપરાગત કૃષિ વિકાસ યોજના અંતર્ગત પારડી તાલુકાના આસ્મા, પંચલાઇ, રાબડી, સામરપાડાના ૧૦૦ ખેડુતોના ખેતરે ૨૦ હેક્ટરમાં ચોમાસુ ડાંગરમાં સજીવ ખેતી અંતર્ગત સરદાર જાતનું બિયારણ, વર્મીકમ્પોસ્ટ, પ્રવાહી જૈવિક ખાતર, જૈવિક દવાઓ, વગેરેના નિર્દશનો ગોઠવવામાં આવેલ છે.

## FLD during Kharif 2020 (અગ્ર હરોળ નિદર્શનો- ખરીફ ૨૦૨૦)

| Crop<br>પાક | Variety/Technology<br>જાત/ તાંત્રિક્તા | Area (ha)<br>વિસ્તાર(હે) | No.of Farmers<br>ખેડુતો | Villages<br>ગામો |
|---|---|---|---|---|
| Paddy<br>ડાંગર | GAR-13<br>જી.એ.આર.૧૩ | 21.00 | 105 | Dhodhadkuva, Lakhmapor, Chival, Ninivahiyal, Arnala<br>ધોધડકુવા, લખમાપોર, ચીવલ, નાનીવહિયાળ, અરનાલા |
| Nagli<br>નાગલી | G.Nagli 5<br>ગુ.નાગલી- ૫ | 16.00 | 80 | Nandgam, Dixal, Lavkar<br>નાંદગામ, દિક્ષલ, લવકર |
| Bittergourd<br>કારેલા | F 1 Hybrid Var.<br>F 1 હાઇબ્રીડ | 2.50 | 26 | Nandgam., Divasi<br>નાંદગામ, દિવસી |
| Pigeon pea<br>તુવેર | G.T.104<br>જી.ટી.૧૦૪ | 5.00 | 50 | Lakhmapor, Dhodhadkuva, Ninivahiyal, Nevari<br>લખમાપોર, ધોધડકુવા, નાનીવહિયાળ, નેવરી |
| Paddy<br>ડાંગર | Green manuring, Dapog<br>લીલોપડવાશ, ડેપોગ | 4.00 | 50 | Motivahiyal, Ozar, Ambheti<br>મોટીવહિયાળ, ઓઝર, અંભેટી |

## NICRA Project

Training programmes on improved agricultural practices in paddy, pigeonpea and blackgram crops were organized in which about 290 farmers from Khutli, Amdha, Panas and Ozarda villages participated. The demonstration on water logging and pest disease resistant variety Sardar (GR-17) was organized in 30 ha (190 farmers). In pigeonpea, the white grain latest variety GT-104 resistant to wilt and sterility mosaic disease was demonstrated on 50 farmers field in 5 ha area. To increase the production of blackgram, the frontline demonstration on the new variety Guj. Udad- 1 which is resistant to yellow mosaic and wilt disease was demonstrated on 50 farmer field under 5 ha area. Demonstration on farm pond (3) and fruit plucker (8) also conducted by the KVK.

## નિકરા પ્રોજેક્ટ

ડાંગર, તુવેર અને અડદ પાકમાં સુધારેલ ખેતી પધ્ધતિ વિષય ઉપર તાલીમ કાર્યક્રમો ગોઠવવામાં આવેલ જેમાં ખૂટલી, આમધા, પાનસ અને ઓઝરડા ગામનાં ૨૯૦ જેટલા ખેડુતોએ ભાગ લીધેલ. ડાંગર પાકમાં ૩૦ હેક્ટર વિસ્તારમાં ૧૯૦ જેટલા ખેડુતોને ઢળી ન પડતી અને રોગ જીવાત સામે પ્રતિકારક એવી ડાંગરની નવી સુધારેલી સરદાર(જી.આર.-૧૭) જાતનાં નિદર્શનો ગોઠવવામાં આવ્યા. તુવેર પાકમાં ૫ હેક્ટર વિસ્તારમાં ૫૦ જેટલા ખેડુતોને વંધત્વ અને સુકારાં રોગ સામે પ્રતિકારક એવી સફેદ દાણાવાળી તુવેરની નવી સુધારેલી જાત જી.ટી.-૧૦૪ ના નિદર્શનો ગોઠવવામાં આવ્યા. અડદ પાકનું ઉત્પાદન વધારવા અને નવી સુધારેલ જાત ખેડુતો કરતા થાય એ હેતુથી ૫ હેક્ટર વિસ્તારમાં ૫૦ જેટલા ખેડુત સહયોગીઓને પચરંગીયા અને સુકાર રોગ સામે પ્રતિકારક એવી અડદની નવી સુધારેલી ગુજ.અડદ-૧ જાતનાં અગ્ર હરોળ નિદર્શનો ગોઠવવામાં આવ્યા. આ ઉપરાંત ત્રણ ખેત તલાવડી અને આઠ બેડણીના નિદર્શન પણ ગોઠવવામાં આવ્યાં.

## DAMU Project

A radio talk on "Weather Forecast and Agromet Advisory Service" was delivered to the farmers, in which detail information about weather forecasting, agromet advisory service and its need for agriculture, DAMU project, Meghdut mobile application, etc. were provided. The awareness programme for farmers was organised in Samarpada and Lavkar villages to create awareness among the farmers in which 59 farmers were participated.

## "DAMU" પ્રોજેક્ટ

"હવામાનની આગાહી અને કૃષિ હવામાન સલાહકારી સેવા" વિષય ઉપર રેડીયો ટોક આપીને ખેડુતોને હવામાનની આગાહી, તેના પ્રકાર, કૃષિ હવામાન સલાહકારી સેવા, કૃષિમાં તેની જરૂરીયાત, **DAMU** પ્રોજેક્ટ, મેઘદૂત મોબાઇલ એપ્લીકેશન, વિગેરેની વિસ્તૃત માહિતી આપવામાં આવી. ઉપરાંત ખેડુતોમાં જાગૃતતા આવે તે માટે સામરપાડા અને લવકર ગામે ખેડુત જાગૃતતા કાર્યક્રમ ગોઠવવામાં આવેલ, જેમાં કુલ ૫૯ જેટલા ખેડુતો હાજર રહ્યા હતાં.

## Gujarat Vidyapith Shatabdi

The Gujarat Vidyapith was established by Mahatma Gandhi in Ahmedabad in 1920. As it completed 100 years of establishment, this year 2020 is being celebrated as 'Gujarat Vidyapith Centenary Year'. Under this celebration, various programmes on Gandhian ideology are being organised in selected five villages by KVK. The 150th birth anniversary of Mahatma Gandhi is also being celebrated by the KVK under which various activities were carried out by the KVK.

## ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ

ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના મહાત્મા ગાંધીજી દ્વારા સને ૧૯૨૦ માં અમદાવાદ ખાતે કરવામાં આવી હતી. જેના ૧૦૦ વર્ષ થયા હોઇ ચાલુ વર્ષ "ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ" તરીકે ઉજવાઇ રહ્યુ છે. જે અંતર્ગત ગાંધી વિચારધારા અંગેના વિવિધ કાર્યક્રમો કેવિકે દ્વારા પાંચ ગામ પસંદ કરીને કરવામાં આવી રહ્યા છે. કેવીકે દ્વારા ચાલુ વર્ષે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજ્યંતિ પણ ઉજવાઇ રહી છે. જેના અનુસંધાને કેન્દ્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

**BOOK - POST**

**From -**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via. Vapi
Ta. Kaprada, Dist. Valsad (Gujarat) 396191